# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 23-04-2024 સાંજે : 7.10 થી 7.20

વાર : મંગળવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા.... પ્રાદેશિક સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

- રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ કહ્યું છે કે, આગામી ચૂંટણીઓમાં આશરે પાંચ કરોડ લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.
- રાજયમાં આદર્શ આચારસંહિતાનો અમલ થયા બાદ અત્યાર સુધીમાં પોલીસે 3 કરોડ રૂપિયાની કિંમતના નશીલા પદાર્થો જપ્ત કર્યા.
- આગામી લોકસભાની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ આજે સંકલ્પપત્રની ગુજરાતી આવૃત્તિ તેમજ ચુંટણીપ્રચારના સાહિત્યનું વિમોચન કર્યું.
- લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે ચૂંટણીતંત્ર દ્વારા મતદાન જાગૃતિના કાર્યક્રમ યોજાઇ રહ્યા છે.
- સમગ્ર રાજયમાં હનુમાન જયંતિની ભક્તિભાવ અને આસ્થાપૂર્ણ માહોલમાં ઉજવણી કરવામાં આવી રહી છે.

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## P. Bharti CEO Gujarat

રાજયમાં આગામી ચૂંટણીઓમાં આશરે પાંચ કરોડ લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં 12 લાખ કરતા વધુ પ્રથમ વખત મતદાન કરશે.

આજે ગાંધીનગરમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું હતું કે, બીએલઓ દ્વારા મતદાન માહીતી સ્લીપ લોકોના ઘરે

પહોંચાડવાનું કામ શરૂ થઇ ગયું છે. 22 હજાર 700 કરતાં વધુ મતદારોએ ઘરેથી મતદાન માટેની અરજી કરી છે. અમદાવાદની પૂર્વ બેઠકના 1 હજાર 820 મતદાન મથકોમાં બે બેલેટ યુનિટનો ઉપયોગ કરવામાં આવશે.

28 એપ્રિલ રવિવારના રોજ સમગ્ર રાજયમાં 49,140 મતદાન મથકો ખાતેનો યુથ પોલિંગ સ્ટેશન અભિયાન હાથ ધરાશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, મતદાનની ટકાવારી વધારવા માટે રાજયભરમાં પખવાડીક સઘન મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. એપિક કાર્ડ ન હોય તો ઇ-એપિકની પ્રિન્ટ પણ ઓળખના પુરાવા તરીકે માન્ય ગણાશે.

(બાઈટ-પી.ભારતી)

## Shamshersingh, State Police Nodal Officer

રાજ્યમાં આદર્શ આચાર સંહિતનો અમલ થયા બાદ અત્યાર સુધીમાં પોલીસે ત્રણ કરોડ રૂપિયાની કિંમતનું ડ્રગસ પકડી પાડ્યું છે.

ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા રાજ્ય પોલીસના ચૂંટણી માટેના નોડલ ઓફિસર શમશેર સિંહે જણાવ્યું કે શાંતિપૂર્ણ વાતાવરણમાં ચુંટણી યોજાય તે માટે રાજ્યમાં ૫૦ હજાર પોલીસજવાનો, ૬૫ હજાર હોમ ગાર્ડ તેમજ કેન્દ્રીય સશસ્ત્ર દળની ૨૦ કંપની તૈનાત કરવામાં આવી છે અને પોલીસ દ્વારા વ્યાપક અટકાયતી પગલા લેવામાં આવી રહ્યા છે. પાડોશી રાજય સાથે જોડાયેલી સરહદો ઉપર પ્રતિબંધિત વસ્તુઓની હેરાફેરી અટકાવવા 133 ચેકપોસ્ટ ઉભી કરાઇ છે.

(બાઇટ-શમશેરસિંધ, સ્ટેટ પોલીસ નોડલ ઓફિસર)

## BJP campaign material

આગામી લોકસભાની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ આજે સંકલ્પપત્રની ગુજરાતી આવૃત્તિ ચૂંટણીપ્રચારના ગીતો – વિવિધ કૃતિઓ સહિત 37 પ્રકારના સાહિત્યોનું લોન્ચિંગ કર્યું હતું.

ભાજપનું ગાંધીનગરમાં આવેલું મુખ્ય મથક કમલમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ લોન્ચિંગ કાર્યક્રમમાં પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અમારા ગાંધીનગરના સંવાદદાતા દુર્ગેશ મહેતા એક અહેવાલમાં જણાવે છે કે, ચૂંટણીપ્રચાર માટે ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા પ્રચારગીતો તૈયાર કરવામાં આવેલા છે. આગામી ચૂંટણીઓમાં આ ગીતો દ્વારા ભારતીય જનતા પાર્ટી પોતાનો ચૂંટણીપ્રચાર કરશે.

## Prithviraj Chauhan Congress Surat

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના અગ્રણીનેતા પૃથ્વીરાજ ચૌહાણે ભાજપ સરકારની ટીકા કરી છે.

સુરત બેઠકના ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા બાદ શ્રી ચૌહાણે સુરતમાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહની સરકારની જેમ દેશની અર્થવ્યવસ્થા ચાલતી હોય તો ભારત દેશ આજે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું હોત.

કોંગ્રેસ પ્રદેશ પ્રવકતા નિશાંત રાવલે વિસાવદરના પૂર્વ ધારાસભ્ય અને તાજેતરમાં ભાજપમાં જોડાયેલા ભૂપત ભાયાણીએ કોંગ્રેસના અગ્રણીનેતા રાહુલ ગાંધી સામે કરેલી ટિપ્પણીને વખોડી કાઢી છે.

### MATDAR JAGRUTI

લોકસભા સામાન્ય ચુંટણી અંતર્ગત મતદાન જાગૃતિ વધે તે માટે તંત્ર દ્વારા તમામ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે ત્યારે વડનગર તાનારીરી પર્ફોમીગ આર્ટ્સ કોલેજ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો.જેમા વિદ્યાર્થીઓએ અચૂક મતદાનના શપથગ્રહણ કર્યા હતાં.

તો ભાવનગરમાં 'હું મતદાર છું, હું ચોક્કસ મતદાન કરીશ' ના સેલ્ફી પોઈન્ટ જિલ્લામાં અનેક સ્થળોએ લગાવાયા છે.. જેના દ્વારા મતદારો સેલ્ફિ લઇને મતદાન જાગૃતિના અભિયાનને બળ પ્રદાન કરી રહ્યાં છે..

આ ઉપરાંત આ ઉપરાંત મત આપવાની પ્રક્રિયા સાવ સહેલી છે આમ મતદાન પ્રક્રિયાની સમજ આપતો વર્ચ્યુઅલ વિડીયો પણ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જારી કરાયો છે.

તો કચ્છ જિલ્લામાં મતદાન જાગૃતિ સંદર્ભે ડોર ટુ ડોર સંપર્ક અભિયાન વધુ વેગવંતું કરાયું છે. ઠેર ઠેર ચુનવી પાઠશાળા યોજાઇ રહી છે તો ચુંટણી પાંચ દ્વારા લોન્ચ કરવામાં આવેલી મોબાઈલ એપ્લિકેશન વિષે નાગરિકોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે.

વલસાડ જિલ્લામાં અનોખી રીતે મતદાન અંગે જાગૃતિ લાવવા પ્રયાસ કરાઇ રહ્યા છે. મતદાનનું પ્રમાણ વધારવા માટે  દુકાન તેમજ હોટલ માલિકોએ ડિસ્કાઉન્ટની ઓફર આપી. મતદાન બાદ શ્યાહી વાળી આંગળી બતાવી વિવિધ સ્થળેથી ડિસ્કાઉન્ટનો લાભ મેળવવા માટે મતદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

તો છોટા ઉદેપુરમાં દવાની દુકાનો, કરિયાણાની દુકાનો, પેટ્રોલપંપ તેમજ કપડાં સહિતના નાના-મોટા વ્યવસાય કરતાં વ્યવસાયકારો મતદાન જાગૃતિ અભિયાન 'અવસર ડિસ્કાઉન્ટ' માં જોડાયા. જે મતદાર આંગળી પર શાહીનું નિશાન બતાવશે તેમને વિવિધ વસ્તુની ખરીદી પર ડિસ્કાઉન્ટ અપાશે.

ભરૂચના અંકલેશ્વર ખાતે પત્રકારોએ નવતર અભિગમ સાથે મતદાર જાગૃતતા રેલી યોજી હતી.મતદારોને મત આપવા અપીલ કરતી અનોખી કંકોત્રી પ્રકાશિત કરી તેનુ વિતરણ મતદાર જાગૃતતા રેલી દરમ્યાન કર્યું હતુ. લુણાવાડા તાલુકાના લકડી પોયડા ગામ ખાતે ‘ચુનાવ પાઠશાળા’ કાર્યક્રમ દ્વારા ગ્રામજનોને મતદાન માટે પ્રેરિત કરાયા તો પંચમહાલ જીલ્લામાં લગ્ન પ્રસંગમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

## WORLD BOOK DAY

આજે વિશ્વ પુસ્તક દિન છે ત્યારે અમદાવાદમાં લોકસભા સામાન્ય ચુંટણીને લઈને ચુંટણીને લગતા ગ્રંથની શોભાયાત્રા અને ગ્રંથ પ્રદર્શન દ્વારા અચૂક મતદાનનો સંદેશ અપાયો હતો. ત્યારે ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ વખતના મતદારો દ્વારા હાથમાં ચુંટણીને લગતા ગ્રંથો, બેનર અને પોસ્ટર્સ લઈ મતદાન જાગૃતિ રેલી યોજાઇ હતી. અમદાવાદ જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે માટે અમદાવાદ જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા અનોખી રીતે મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરાયું હતું.

## Lok Sabha Election New Initiative

સાબરકાંઠા લોકસભા બેઠકમાં યોજાયેલા રાજયકક્ષાના પ્રથમ પોસ્ટલ બેલેટ માટેના એક્ષચેન્જ મેળામાં 12 હજાર કર્મચારીઓના ફોર્મ મળ્યા છે.

સાબરકાંઠા લોકસભા મતવિસ્તારમાં કોઇપણ સરકારી કર્મચારી મતદાનથી વંચિત ન રહેત માટે પ્રથમ વખત પોસ્ટલ બેલેટ એક્ષચેન્જ મેળા યોજવામાં આવ્યો હતો. જેમાં 12 હજાર ફોર્મ મળતા તેની ચકાસણી મતદાર યાદી સાથે કરવામાં આવી રહી છે. સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા અન્ય જિલ્લાના 1 હજાર 500 કર્મચારીઓના ફોર્મ નંબર 12 આ એક્ષચેન્જ મેળા દ્વારા જે તે લોકસભા મતવિસ્તારમાં પહોંચાડવામાં આવ્યા છે.

અમારા સાબરકાંઠાના પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે, 33 જીલ્લાના સરકારી કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા 100 ટકા મતદાન થાય તે માટે એક નવી પહેલ કરવામાં આવી છે. આવો જ બીજો એક્ષચેન્જ મેળો આગામી 27મી એપ્રિલે યોજાશે. જેમાં પોસ્ટલ બેલેટની આપ લે થશે. જયારે ત્રીજા મેળામાં મતદાન થયેલ પોસ્ટલ બેલેટની આપ-લે થશે.

## CM HANUMAN JAYANTI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાળંગપુર હનુમાન મંદિર ખાતે આયોજીત હનુમાન જયંતિ ઉત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી પટેલ મહાઅન્નકૂટની આરતીમાં સહભાગી થયા હતા. તેમણે ગુજરાતના લોકોના સુખ શાંતિ અને સ્મૃદ્ધિની પ્રાર્થના કરી હતી.